આંક :–

–:નમુનો–અ:–

મહે.જુનાગઢના ત્રીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટ, જી.જુનાગઢ

ચુકાદાની તા. ૩૦/૦૫/૨૦૨૪

ફોજદારી કેસ નં. ૪૫૧/૨૦૨૧

ગુન્હાની વિગત

ગુન્હાની કલમ	ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮
પ્રથમ માહિતી અહેવાલ નં.	ખાનગી ફરીયાદ છે.
પોલીસ સ્ટેશન	–––
ફરીયાદી પક્ષ	**દિલીપભાઈ ચુનિલાલ પૌંડા,** ઉ.વ.આ. : ૬૮, ધંધો : રીટાયર્ડ, રહે.૧૦૪, ઓમકાર નંદા એપાર્ટમેન્ટ, સેજની ટાંકી પાસે, જવાહર રોડ, જુનાગઢ.
ફરીયાદ પક્ષ તર્ફે વિ.વકીલશ્રી	કે. એચ. ધમાણી
આરોપી પક્ષ	**હરસુખલાલ બાલુભાઈ કામાણી,** ઉ.વ.આ. : ૪૫, ધંધો : વેપાર, રહે.બજારમાં, ખોરાસા, જી.જુનાગઢ.
આરોપી તર્ફે વિ.વકીલશ્રી	કે. બી. સંઘવી

–:નમુનો–બ:–

ગુન્હાની તારીખ	––
પ્રથમ માહિતી અહેવાલની તારીખ	ખાનગી ફરીયાદ કરી છે.
ચાર્જશીટની તારીખ	––
તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ	૧૭/૦૭/૨૦૨૧
પુરાવો શરૂ થયાની તારીખ	૧૨/૦૪/૨૦૨૨
ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ	––

ચુકાદાની તારીખ	૩૦/૦૫/૨૦૨૪
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	

–:આરોપીની વિગત:–

ક્રમ	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકત તારીખ	તહોમત	શું નિર્દોષ /દોષ	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ
૧	હરસુખલાલ બાલુભાઈ કામાણી	––	––	ધી નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮	દોષીત		––

–:નમુનો–ક:–

:: સાહેદો નુ લીસ્ટ::

અ. ફરીયાદ પક્ષ તર્ફે સાહેદો:

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
પી.૧	૧૭	દિલીપભાઈ ચુનિલાલ પૌંડા	ફરીયાદી

બ. બચાવ પક્ષ તર્ફે સાહેદો:

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
ડી.૧	૨૪	હરસુખલાલ બાલુભાઈ કમાણી	આરોપી
ડી.૨	૪૫	પ્રદિપકુમાર મગનભાઈ મકવાણા	સાહેદ
ડી.૩	૬૮	ચિરાગભાઈ રમેશભાઈ કોયાણી	સાહેદ

:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

અ. ફરીયાદ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો

ક્રમ	આંક	વિગત
૧	૨૫	આરોપીએ આપેલ વાદવાળો ચેક
૨	૨૬	ચેક રીટર્ન મેમો
૩	૨૭	આરોપીને આપેલ નોટીસ
૪	૨૮	સદરહું નોટીસ રજી.એ.ડી. થી મોકલ્યાની વિન્ડો સ્લીપ
૫	૨૯	કુરીયર કર્યાની પાવતી
૬	૩૦	રજી.એ.ડી.ની એકનોલેજમેન્ટ સ્લિપ
૭	૩૧	નોટીસ અન્વયે આરોપી તરફે જવાબ

<u>બ. બચાવ પક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો</u>

ક્રમ	આંક	વિગત
૧	૩૬	ખોરાસા ગીરના સર્વે નં. ૧૬૩/પૈકી ૪ ની જમીન આરોપીએ વેચાણ લીધા અંગેની હકકપત્રક નોંધ નં. ૯૫૬૭
૨	૩૭	ખોરાસા ગીરના સર્વે નં. ૧૬૩/૧/૨ તથા ૧૬૩/૪/૨ ની જમીન આરોપીએ વેચાણ લીધા અંગેની હકકપત્રક નોંધ નં. ૧૧૩૪૬
૩	૩૮,૩૯	આરોપીના બેંક ખાતાના સ્ટેટમેન્ટ
૪	૪૭	ચેકબુક ઈસ્યુ કર્યાનું સ્ટેટમેન્ટ
૫	૪૮	ચેકબુક કયા અરસામાં છપાયેલ તે અંગેનું સ્ટેટમેન્ટ
૬	૪૯	ચેક બેંકમાં રજુ થયા અંગેનું સ્ટેટમેન્ટ
૭	૫૦	આરોપીના બેંક ખાતામાં સને ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીમાં જે ચેકબુક ઈસ્યુ થયેલ તેનું સ્ટેટમેન્ટ
૮	૫૧	આરોપીના બેંક ખાતામાં સને ૨૦૦૫ થી ૨૦૨૧ સુધીમાં જે ચેકબુક ઈસ્યુ થયેલ તેનું સ્ટેટમેન્ટ

૯	૭૦	સાહેદ ચિરાગભાઈના ડીગ્રી સર્ટીની ખરીનકલ
૧૦	૭૧	સાહેદ ચિરાગભાઈએ ટ્રેનિંગ લીધા અંગેના સર્ટીની ખરીનકલ
૧૧	૭૨,૭૩	સાહેદ ચિરાગભાઈએ કોન્ફરન્સમાં ભાગ લીધા અંગેના સર્ટીની ખરીનકલ
૧૨	૭૪	હસ્તાક્ષર નિષ્ણાંતનો રીપોર્ટ

ચુ કા દો

(૧) ફરીયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી જુનાગઢ મુકામે રહે છે અને આરોપી ખોરાસા ગીર મુકામે રહે છે. આરોપી ઘઉં તથા અન્ય ખેતપેદાશોનો ધંધો કરતા હોય અને ફરીયાદી આરોપી પાસેથી અવાર–નવાર ઘઉંની ખરીદી કરતા હોય અને આરોપી અવાર–નવાર જુનાગઢ આવતા હોય, જેથી ફરીયાદીને આરોપી સાથે ઓળખાણ થયેલ અને વિશ્વાસના સબંધ કેળવાયેલ. ત્યારબાદ આરોપીને ધંધાના વિકાસ માટે નાણાંની જરૂરીયાત ઉભી થતાં અને તે બાબતે આરોપીએ ફરીયાદીને જણાવતાં, ફરીયાદીએ આરોપીને મિત્રતાના સબંધે રૂા. ૧૦,૦૦,૦૦૦/– હાથ ઉછીના વગર વ્યાજે થોડા સમય માટે આપેલા. ત્યારબાદ ફરીયાદીએ પોતાની લેણી રકમની આરોપી પાસે ઉઘરાણી કરતાં, આરોપીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ખોરાસા ગીર શાખાનો પોતાના ખાતાનો ચેક નં. ૦૦૯૮૮૪, તા. ૨૬–૧૧–૨૦૨૦ ના રોજનો રૂા. ૧૦,૦૦,૦૦૦/– નો ફરીયાદીને આપેલો. સદર ચેક ફરીયાદીએ તા. ૨૭–૧૧–૨૦૨૦ ના રોજ પોતાના બેંક ખાતામાં રજુ કરતાં, સદર ચેક તા. ૩૦–૧૧–૨૦૨૦ ના રોજ 'ફંડસ ઈનસફીસીયન્ટ' ના શેરા સાથે પરત આવેલ. આ બાબતે ફરીયાદીએ આરોપીનો સંપર્ક કરતાં, આરોપીએ ઉડાઉ જવાબ આપેલ. બાદમાં ફરીયાદીએ પોતાના વકીલશ્રી મારફત આરોપીને તા. ૦૮–૧૨–૨૦૨૦ ના રોજ રજી.એ.ડી. થી તથા તા. ૦૯–૧૨–૨૦૨૦ ના રોજ કુરીયર મારફત નોટીસ મોકલાવેલ. જે નોટીસ આરોપીને તા. ૧૦–૧૨–૨૦૨૦ ના રોજ બજી જતાં આરોપીએ તા. ૨૩–૧૨–૨૦૨૦ ના રોજ ફરીયાદીની નોટીસનો તદ્દન ખોટો, ઉપજાવી કાઢેલ હકીકતોવાળો ઉડાઉ જવાબ આપેલ છે, પરંતુ આરોપીએ ફરીયાદીની કાયદેસરની

લેણી રકમ ચુકવવા કોઈ દરકાર કરેલ નથી. સબબ ફરીયાદીએ હાલની ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે અને આરોપીને ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે સખતમાં સખત સજા કરવા અરજ કરેલ છે.

(૨) ફરીયાદીની હાલની ફરીયાદ દાખલ થતાં ફરીયાદી ધ્વારા વેરીફીકેશનનું સોગંદનામાને આધારે ફરીયાદ રજીસ્ટર લેવાનો આદેશ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. તેમજ આરોપી ઉપર ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૪ અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ મારા પુરોગામી ન્યાયાધીશશ્રી ધ્વારા કરવામાં આવેલ હતો.

(૩) આરોપીને સમન્સ બજતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ ફરીયાદ અને તેની સાથેના પેપર્સની નકલ પુરી પાડયા બાદ તેઓ વિરૂધ્ધ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૧ મુજબ આંક–૫ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદીએ તેઓની ફરીયાદના સર્મથનમાં નમુના–ક (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

(૫) ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયેનું વધારાનું નિવેદન લેતા તેમાં તેઓ પોતાના બચાવમાં પુરાવા રજુ રાખવા ઈચ્છતા હોવાનું જણાવેલ છે તેમજ પોતાનું લેખિત વિશેષ નિવેદન રજુ રાખેલ છે, જે વંચાણે લીધું. ત્યારબાદ આરોપી તરફે તેઓના બચાવના સર્મથનમાં નમુના–ક (બ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

(૬) પક્ષકારો તરફે પુરાવા પુર્ણ થયા બાદ ફરીયાદી પક્ષ ધ્વારા આંક–૭૮ થી તેઓની લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે લેખિત દલીલ વંચાણે લીધી. તે જ રીતે આ કામના આરોપી તરફે આંક–૭૬ થી તેઓની લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. જે લેખિત દલીલ વંચાણે લીધી.

(૭) પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો અને રેકર્ડ ઉપરનો પુરાવો દયાને લેતા આ કેસના ન્યાયીક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

મુ દ્દા

૧. શું ફરીયાદી સાબીત કરે છે કે, આરોપીએ રૂા. ૧૦,૦૦,૦૦૦/- ની ચુકવણી માટે ફરીયાદવાળો ચેક ફરીયાદીને આપેલ, અને તે ચેક ફરીયાદીએ તેઓના બેંક ખાતામાં નાણાંની સ્વીકૃતી અને વસુલાત માટે જમાં કરાવતા તે ''ફંડ ઈનસફીશ્યન્ટ'' ના શેરા સાથે ચેક પરત ફરેલ અને તેની કાયદેસરની ડીમાન્ડ નોટીસ આરોપીને આપેલ, જે બજવા છતાં આરોપીએ તે નોટીસ મુજબ અમલ નહીં કરી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ સજાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭.૧) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ

કા ર ણો

(૮) **મુદ્દા નંબર-૧ તથા ૨ :-**

(૮.૧) આ કામે રજુ થયેલ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની આંક ૧૭ થી રજુ કરેલી જુબાનીમાં પોતાની આંક-૧ ની ફરીયાદમાં જણાવેલી તમામ હકીકતોને વળગી રહી અને ફરીયાદને સમર્થનકારી પુરાવો રજુ કરી રહયા છે. આ તમામ હકીકતોને આ કામે આગળ ઉપર વિગતવાર રીતે જણાવવામાં આવેલી હોવાથી તેનું પુનરાવર્તન થતું અટકાવવા માટે અત્રે વર્ણન કરવામાં આવેલુ નથી.

(૯) ફરીયાદીની જુબાની તથા રજુ કરેલ અન્ય દસ્તાવેજી પુરાવાઓ ઉપરથી કેટલાક અનુમાનો અદાલતે કરવાના હોય છે. જે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ તથા

કલમ–૧૩૯ વંચાણે લેતાં માલુમ પડે છે કે, જો એકવાર એમ સાબિત થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે તો તેવા સંજોગોમાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કોઈ કાયદાનો નિયમ નથી. આરોપી ફરીયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનુ ખંડન કરી શકે છે. ચૂકાદાની સગવડતા ખાતર કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ નીચે મુજબ રજુ છે.

118. Presumptions as to negotiable instruments. Until the contrary is proved, the following presumptions shall be made:

(*a*) **of consideration.**that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(*b*) **as to date.**that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(*c*) **as to time of acceptance.**that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(*d*) **as to time of transfer.**that every transfer of a negotiable instrument was made before its maturity;

(*e*) **as to order of indorsements.** that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(*f*) **as to stamp.**that a lost promissory note, bill

of exchange or cheque was duly stamped;

(*g*) **that holder is a holder in due course.**that the holder of a negotiable instrument is a holder in due course:

Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. Presumption in favour of holder. It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

(૧૦) વધુમાં આ કામે કયાં કયાં સંજોગોમાં અનુમાનોનું ખંડન કેવી રીતે કરી શકાય તથા તેવા અનુમાનોનું ખંડન કરવા માટે પુરાવાનો બોજો કોના પર છે અને તે કેવી રીતે ખંડન કરી શકાય તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતનો ''**હીતેન પી. દલાલ વિરુઘ્ધ ભ્રતીન્દ્રનાથ બેનરજી**'' નો ચુકાદો રીફર કરવો જરૂરી હોઈ તે નીચે મુજબ છે.

"Hiten P. Dalal v. Bratindranath Banerjee" જે AIR 2001 SUPREME COURT 3897 જેમા નામદાર સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવેલ છે કે, Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or

other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence

required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted.

(૧૧) આ કામના આરોપીની મુખ્ય તકરાર એવી છે કે, આ કામના ફરિયાદી સાથે કોઈ રકમનો વ્યવહાર થયેલ જ નથી. તેમજ તેઓ તેમના બચાવમાં જણાવે છે કે, આ કામના આરોપીના ભાઈની ગાયત્રી પ્રોવીઝન સ્ટોરમાંથી આરોપી માલ–સામાન લેતા હોય, સીકયુરીટી પેટે ચેક આપેલ હતો, તેનો દુર ઉપયોગ કરેલ છે. જે લગત આ કામના આરોપીની ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો '' અમે અમારા કુંટુંબમાં હું તથા મારા પત્ની તથા એક

બાળક એમ કુલ ત્રણ જણા રહીએ છીએ. આ અમારૂ મકાન જેમાં અમો ત્રણ જણા રહીએ છીએ તે મકાન ગ્રામ પંચાયત ખોરાસા ગીરમાં આવેલ છે, સદરહુ મકાન મારી માલીકીનું નથી અને ભાડાનું છે.'' આમ, તેઓ તેમની ઉલટ તપાસ દરમ્યાન તેઓ ફકત ત્રણ માણસો જ હોવાનું જણાવે છે, જયારે આંક ૩૧ થી ફરિયાદીએ આપેલ સ્ટેચ્યુટરી નોટિસનો આરોપીએ આપેલ જવાબ છે. આંક ૩૧ વાળો જવાબ વંચાણે લેવામાં આવે તો તેઓ કુલ ૨૦ થી ૨૫ વ્યકિતનો પરિવાર હોવાની હકીકત જણાવવામાં આવેલ હતી અને આરોપી જ તેઓના પરિવારનો વહીવટ કરતા હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. આમ, તેઓનો પરિવાર ખુબ જ નાનો હોવા છતાં આરોપી ધ્વારા ફરિયાદીએ આપેલ સ્ટેચ્યુટરી નોટિસના જવાબમા ખુબ જ મોટુ પરિવાર હોવાનું જણાવવામાં આવેલ છે. આમ, તેઓ શરૂઆતથી જ ખોટુ બોલી રહયા હોવાનું સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. વધુમાં આ કામના આરોપી ધ્વારા આંક ૩૧ વાળા જવાબમાં એવી પણ હકીકત જણાવવામાં આવેલ છે કે, તેઓના પરિવારનો વહીવટ તેઓ કરતા હોય, તેઓએ સીકયુરીટી પેટે ચેક આપેલ હતો, પરંતુ આ કામના આરોપી ધ્વારા માસીક/વાર્ષિક કેટલા રૂપિયાનો માલ તેઓ ખરીદ કરતા હતા કે તેઓને સીકયુરીટી પેટે ચેક આપવો પડે તેવી કોઈ જ હકીકત તેઓના જવાબમાં કે તેઓની સરતપાસમાં જણાવવામાં આવેલ નથી. વધુમાં આ કામના આરોપી ધ્વારા તેઓની બેંક એકાઉન્ટનું સ્ટેટમેન્ટ પણ આ કામે આંક ૪૯ થી રજુ કરવામાં આવેલ છે, જે સ્ટેટમેન્ટ ધ્યાને લેતા પણ આ કામના આરોપી ધ્વારા એકપણ ચેક ધ્વારા ગાયત્રી પ્રોવીઝન સ્ટોરને નાણાં ચુકવી આપેલ હોય, તેવુ જણાઈ આવતુ નથી. આમ, તેઓ જણાવે છે તેવી કોઈ જ હકીકત પ્રસ્થાપિત કરી શકેલા નથી. આમ, આ કામના આરોપી તર્ફે જે બચાવ લેવામાં આવેલ છે કે, આ કામના આરોપીને ફરિયાદી સાથે નહી અને ગાયત્રી પ્રોવીઝન સ્ટોર સાથે નાણાંકીય લેતી દેતી હતી, અને તેઓએ સીકયુરીટી પેટે આપેલ ગાયત્રી પ્રોવીઝન સ્ટોરને આપેલ હતો, તો તેવા સંજોગોમાં આ કામના આરોપી ધ્વારા તે ચેક ગાયત્રી પ્રોવીઝન સ્ટોરનું નામ લખીને જ આપેલ હોત, આમ આરોપી જણાવે છે કે, ગાયત્રી પ્રોવીઝન સ્ટોરને સીકયુરીટી પેટે આપેલ ચેકનો દુરઉપયોગ કરેલ હોય, તેવી હકીકત માની શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૧૨) વધુમાં આ કામના આરોપી તર્ફે એવો બીજો બચાવ લેવામાં આવેલ છે કે, આ કામના આરોપીએ સને ૨૦૧૭ ની સાલના ચેકનો દુરઉપયોગ સને ૨૦૨૦ ની સાલમાં કરવામાં આવેલ છે. જે લગત આ કામે રજુ થયેલ તકરારી ચેક આંક ૨૫ થી રજુ કરવામાં આવેલ છે. જે તકરારી વંચાણે લેવામાં આવે તો તેમાં ચેક પ્રીન્ટીંગની તારીખ ૧૭/૦૨/૨૦૧૫ ની દર્શાવવામાં આવેલ છે. માત્ર ચેક સને ૨૦૧૫ માં પ્રીન્ટ થયેલ હોય, તેટલા માત્રથી સદર ચેક સને ૨૦૧૭ ની સાલનો છે તેવી હકીકત માની શકાય નહી, તે માટે ડી–૨ થી આરોપી પક્ષે બેંકના સાહેદને આંક ૪૫ થી તપાસવામાં આવેલ છે. બચાવ પક્ષ ઘ્વારા તેઓનો બચાવ પ્રસ્થાપિત કરવા સબબ ચેક કયા અરસામાં છપાયેલા હતા અને તે ચેકો કયા અરસામાં બેંકમાં જમા કરાવવામાં આવેલ હતા, તેવી હકીકત પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. જે માટે તેઓ આંક ૪૯ વાળા સ્ટેટમેન્ટ ઉપર આધાર રાખે છે. આંક ૪૯ વાળુ સ્ટેટમેન્ટ વંચાણે લેવામાં આવે તો તેમાં એક સરખી સીરીઝમાં જ આરોપીએ ચેક આપેલ હોય, તેવી હકીકત પ્રસ્થાપિત થઈ શકતી નથી. ઉલટ આ કામના આરોપી પાસે એક કરતા વઘુ ચેકબુક હોય, અને તેઓ બધી ચેકબુકનો એક સાથે ઉપયોગ કરતા હોય, તેવી હકીકત સ્પષ્ટ રીતે ફલીત થાય છે, કારણ કે, આ કામના આરોપી ઘ્વારા ઘણી સીરીઝના ચેકો આપેલ હોય, અને તે ઘ્વારા તેઓએ નાણાંકીય વહેવાર કરેલ હોય, તેવી હકીકત આંક ૪૯ વાળા સ્ટેટમેન્ટ આધારે જણાઈ આવે છે. તેમજ આ કામના આરોપીએ કરેલ વહેવારમાં સીરીઝમાંથી ઘણા બધા નંબરના ચેકો વચ્ચેથી ટ્રાન્ઝેકશનમાં આવેલ ન હોવાનું પણ જણાઈ આવે છે. આમ, તેઓ આવા ઘણા બધા ચેકો ટ્રાન્ઝેકશનમાં આવેલ જ ન હોય, ત્યારે તકરારી ચેક પણ જે–તે વખતે આ કામના આરોપી ઘ્વારા ઉપયોગમાં લીધેલ ન હોય, તેવું બની શકે છે. જે સંજોગોમાં આ કામના આરોપી પક્ષે જે તાર્કીક દલીલ કરવામાં આવેલ છે કે, તકરારી ચેક સને ૨૦૧૭ માં આપવામાં આવેલ હતો અને તેનો દુરઉપયોગ સને ૨૦૨૦ ની સાલમાં કરવામા આવેલ છે, તે માની શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં આ કામના આરોપી પક્ષ ઘ્વારા ક્રિ .પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે જે વધારાના નિવેદનની સાથે તેઓએ પોતાનું સ્ટેટમેન્ટ રજુ કરેલ છે. જે નિવેદનના પેરા નં. ૫ વંચાણે લેતા તેમાં તકરારી ચેક સને ૨૦૦૦ ની સાલમાં આપેલ હોવાનું પણ જણાવવામાં આવેલ છે. આમ, જયારે ચેકની પ્રીન્ટ જ થયેલ

ન હોય, ત્યાર પહેલા ચેક આપેલ હોય, તેવી હકીકત જણાવવામાં આવેલ છે. આમ, આરોપી પોતાના કોઈપણ એક નિવેદન ઉપર કાયમ રહેલ નથી. જેથી પણ તેઓએ જે તાર્કીક બચાવ લીધેલ છે તે આ તબકકે માની શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૧૩) વધુમાં આ કામના આરોપી તર્ફે એવો તાર્કીક બચાવ લેવામાં આવેલ છે કે, આ કામના ફરિયાદીની નાણાં ધીરવાની કેપેસીટી જ ન હતી. તે સબબ આ કામના આરોપી ફરિયાદીની ઉલટ તપાસ ઉપર આધાર રાખે છે. તેઓ તેમની ઉલટ તપાસમાં ફરિયાદી માસીક રૂા. ૧૨,૦૦૦/– થી માસીક રૂા. ૧૫,૦૦૦૦/– કમાતા હોવાનું જણાવવામાં આવેલ છે. જેથી તેઓ આવડી મોટી રકમ રૂા. ૧૦,૦૦,૦૦૦/– ચુકવવા સક્ષમ ન હોવાનો બચાવ લેવામાં આવેલ છે. તેમજ આ કામના આરોપી તર્ફે એવી પણ રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના ફરિયાદીનું બેંક એકાઉન્ટ સ્ટેટમેન્ટ વંચાણે લેતા તેમાં કયારેય રૂા. ૨૩,૪૨૨/– થી વધુ રકમ જોવા મળેલ નથી. જેથી આ કામના આરોપીને ફરિયાદી રૂા. ૧ ૦,૦૦,૦૦૦/– ની રકમ ચુકવવા સક્ષમ ન હોવાનું જણાવી તેનો લાભ આ કામના આરોપીને આપવા જણાવવામાં આવેલ છે. જે હકીકત લગત આ કામના ફરિયાદી પાસે આવડી મોટી રકમ કયાંથી આવેલ છે તે સંબધે તેઓ ધ્વારા ખુલાસો કરવામાં આવેલ છે કે, આરોપીને રૂા. ૧૦,૦૦,૦૦૦/– આપ્યાનું હું જે કહુ છુ તે આ એફ.ડી.માથી આવેલ રકમ નથી અને આરોપીને જે રૂા. ૧૦,૦૦,૦૦૦/– મે આપેલા તે પૈકી રૂા. ૮,૦૦,૦૦૦/– મારી માતાએ મને અમારૂ મકાન રૂા. ૨૮,૦૦,૦૦૦/– માં વેચાયુ તેમાંથી મને આપેલા હતા જે રકમ મે આરોપીને રોકડમાં આપેલ હતી. '' આમ, આ કામના આરોપીની તકરારનો જવાબ આ કામના ફરિયાદી ધ્વારા તેઓની ઉલટ તપાસ દરમ્યાન આપવામાં આવેલ હતો. વધુમાં આ કામના આરોપી ધ્વારા એવુ પણ સુચન કરવામાં આવેલ છે કે, '' આરોપીને રૂા. ૧૦,૦૦,૦૦૦/– આપ્યા બાદ તેનો ઉપયોગ આરોપીએ કેવી રીતે કર્યો તેની તપાસ કરેલી ?'' આમ, આરોપીને આ કામના ફરિયાદી ધ્વારા નાણાં આપ્યા હોય, અને આરોપીએ તે નાણાં લીધેલ હોય, તેવી હકીકત આ સુચન ઉપરથી પણ થઈ શકે છે. આમ, આરોપી તર્ફે જે તાર્કીક બચાવ લેવામાં આવેલ છે કે, આ

કામના ફરિયાદી પાસે નાણાં ધીરવાની કેપેસીટી જ ન હતી, તે ધારણાનો જવાબ આ કામના ફરિયાદી ધ્વારા આપી દીધેલ હોય, ત્યારબાદ ઓનસ ફરીથી આ કામના આરોપી ઉપર જ આવે છે કે, તે લેણી રકમ કાયદેસરની ન હતી. આમ, આરોપી ઉપર શીફ્ટ થયેલ ઓનસ આ કામના આરોપી રીબર્ટ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું અત્રેની અદાલતનું નમ્ર પણે માનવુ છે. વધુમાં આ કામના આરોપી ધ્વારા તે વેચાણ દસ્તાવેજ રજુ કરાવવાનો પ્રશ્ન પુછતા ફરિયાદપક્ષે તેઓની માતા ધ્વારા વેચાણ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ રજુ કરવામાં આવેલ છે. આમ, માતા પાસે નાણાં કયાથી આવ્યા હતા અને માતાએ ફરિયાદીને નાણાં આપેલ હોવાની કડી પણ મળી આવે છે. આ તબકકે બચાવ પક્ષે એવા તાર્કીક તારણો કાઢેલા છે કે, વેચાણ દસ્તાવેજ રૂા. ૨૮,૦૦,૦૦૦/– નો કરેલ હોવાનું ફરિયાદીએ જણાવેલ છે, જયારે વેચાણ દસ્તાવેજ રૂા. ૨૦,૦૦,૦૦૦/– નો જ છે. તેમજ તે વેચાણ દસ્તાવેજ સને ૨૦૧૨ ની સાલમાં કરવામાં આવેલ હતો તેમ છતા ફરિયાદીએ તે સને ૨૦૧૬–૧૭ માં કરેલ હતો, તેવી હકીકત જણાવેલ છે. જે વિરોધાભાષ હોય, તેનો લાભ આ કામના આરોપીને આપવો જોઈએ. આ તાર્કીક દલીલ એટલા માટે માની શકાય તેમ નથી કારણ કે, વેચાણ દસ્તાવેજ તેઓની માતા ધ્વારા કરવામા આવેલ હતો અને ફરિયાદીને રૂા. ૮,૦૦,૦૦૦/– આપેલ હતા, જે રૂા. ૨૮,૦૦,૦૦૦/– માથી આપે કે રૂા. ૨૦,૦૦,૦૦૦/– માથી આપે તે પ્રશ્ન અસ્થાને છે. વધુમાં તે વેચાણ દસ્તાવેજ સને ૨૦૧૨ ની સાલમાં થયેલ હોય કે તે દસ્તાવેજ સને ૨૦૧૬–૧૭ માં થયેલ હોય, તેનાથી વિશેષ કોઈ ફેર પડતો નથી. આ કામના ફરિયાદીએ તે રકમ વાપરી નાંખી હોય, તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય, ત્યારે તે હકીકત ચોકકસ પણે ફરિયાદપક્ષના કેસને અસર કરે છે. જયારે હાલના કેસમાં આરોપી ઉપર શીફ્ટ થયેલ ઓનસનો ખુલાસો કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ ગયેલ હોય, તેવા સંજોગોમાં આ કામના ફરિયાદીની નાણાં ધીરવાની કેપેસીટી જ ન હોવાની હકીકત માની શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં આ કામના આરોપી તર્ફે આ કામના ફરિયાદીની નાણાં ધીરવાની કેપેસીટી ન હોય, ત્યારે તેનો લાભ આ કામના આરોપીને આપવો જોઈએ તેવું દર્શાવવા માટે નીચે મુજબના ૧૧ ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે. જે ચુકાદાઓ નીચે મુજબ છે.

(૧) ક્રિ. ઓ. પી. નં. ૨૭૫૫૨/૨૦૧૪, જલાજા વિ. સી. કે. વીલાસીની (નામ. મદ્રાસની વડી અદાલત)

(૨) ૧૯૯૮ ક્રિ.લો.જ. ૯૦૬, એ. ભુષણરાઉ વિ. પુરષોત્તમદાસ પંતાણી (નામ. આંધ્ર પ્રદેશની વડી અદાલત)

(૩) (૨૦૧૫) ૧ એસ.સી.સી. ૯૯, કે. સુબ્રમણી વિ. કે. દામોદરા નાયડુ (નામ. સુપ્રીમ કોર્ટ) આજ ચુકાદો બચાવ પક્ષે તેઓના ચુકાદા ક્રમાંક ૮ થી પણ રજુ કરેલ છે. આમ, બે વખત રજુ થયેલ છે.

(૪) કેસ નં. ૬૦૭/૨૨, અજીતસિંહ વિ. રામનારાયણ મનજી, (નામ. દિલ્હી ડીસ્ટ્રીકટ કોર્ટ)

(૫) ૨૦૦૮ (૧) જી.એલ.એચ. ૩૬૨, કે. પ્રકાશન વિ. પી. કે. સુરેનડેરન (નામ. સુપ્રીમ કોર્ટ) ઉપરોકત ચુકાદો બચાવ પક્ષે તેઓના ચુકાદાના ક્રમાંક ૧૧ થી પણ રજુ કરેલ છે. આમ, બે વખત રજુ થયેલ છે.

(૬) ૨૦૧૧ (૨) ડી.સી.આર. ૫૨૩, એન્ટોની પીલીપોઝ % ટેલ્સમોન વિ. રામલા તથા અન્યો (નામ. કેરાલાની વડી અદાલત)

(૭) એ.આઈ.આર. ૨૦૨૩(સુ.કો.) ૪૭૧, રાજારામ તે શ્રીરામમુળુ નાયડુના દિકરા વિ. મારૂથાચલમ

(૮) એ.આઈ.આર. ૨૦૧૯ (સુ.કો.) ૧૯૮૩, બસલીંગપ્પા વિ. મુડી બસપ્પા

(૯) ૨૦૨૨ (૧) જી.એલ.આર. ૭૮૩, ભીખાભાઈ ડાહ્યાભાઈ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા અન્યો (નામ. ગુજરાતની વડી અદાલત)

(૧૩.૧) આમ, ઉપરોકત તમામ ચુકાદાઓ અત્રેની અદાલત ધ્વારા વંચાણે લીધા. તમામ ચુકાદાઓમાં નામ. એપેક્ષ કોર્ટ ધ્વારા એવા સિંધ્ધાત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, ફરિયાદીની નાણાં ધીરવાની કેપેસીટી અંગે જયારે શંકા ઉત્પન્ન કરવામાં આવે ત્યારે તેઓ

પાસે નાણાં ધીરવાની કેપેસીટી હતી તે હકીકત પ્રસ્થાપિત કરવાની રહે છે. હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો આ કામના આરોપીએ ફરિયાદીની નાણાં ધીરવાની કેપેસીટી અંગે શંકા ઉત્પન્ન કરતા આ કામના ફરિયાદીએ તેઓની જુબાની દરમ્યાન જણાવેલ છે કે, તેઓની માતા ધ્વારા મકાન વેચાણ થતા તેઓની માતા ધ્વારા તેઓને રૂા. ૮,૦૦,૦૦૦/- આપવામાં આવેલ હતા અને તે દર્શાવવા માટે તેઓની માતાનો વેચાણ દસ્તાવેજ પણ રજુ કરવામાં આવેલ છે. તેવા સંજોગોમાં ફરીથી ઓનસ આ કામના આરોપી ઉપર શીફટ થયેલ હતુ અને તે રીબર્ટ કરવામાં આ કામના આરોપી નિષ્ફળ ગયેલ હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. વધુમાં આ કામના આરોપી ધ્વારા નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ રજુ કરેલ છે. જેમાં મુખ્ય ૨૦૦૮ (૧) જી.એલ.એચ. ૩૬૨, કે. પ્રકાશન વિ. પી. કે. સુરેનડેરન નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં આરોપીનો બચાવ એવો હતો કે તેઓનો ચેક ચોરાયેલ હતો. ત્યારે ફરિયાદી નાણાં કયાંથી લાવેલ હતા તે માટે ફરિયાદી ધ્વારા તેઓના ભાઈ, પિતા અને અન્યો પાસેથી નાણાં લીધેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ હતી. તેમજ તેઓ તે હકીકત પ્રસ્થાપિત કરી શકેલા ન હતા. જેથી તેમાં આરોપીને તેનો લાભ આપવામાં આવેલ હતો. હાલના કેસમાં ફરિયાદીને તેમની માતાએ મકાન વેચાણ થતા રકમ આપેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે અને તે માટે તેઓએ વેચાણ દસ્તાવેજ પણ રજુ કરવામાં આવેલ છે. સબબ બચાવ પક્ષે રજુ કરેલ ચુકાદો તેઓને મદદરૂપ થતો ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તે જ રીતે અન્ય ચુકાદો પણ બચાવ પક્ષે રજુ કરવામાં આવેલ છે, જે એ.આઈ.આર. ૨૦૨૩ (સુ.કો.) ૪૭૧, નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા ''It is a settled proposition of law that the standard of proof in criminal proceedings differs with that in civil proceedings.'' સિંધ્ધાત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. જે ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા રોહીતભાઈ જીવણલાલ પટેલનો ચુકાદાનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે. જે ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત ધ્યાને લેવામાં આવે તો તેમાં નામ. સુપ્ર ીમ કોર્ટ ધ્વારા એવો સિંધ્ધાત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, માત્ર આરોપી તર્ફે કોઈપણ પ્રકારનો ઠોસ પુરાવો રજુ કર્યા વગર ફકત અને ફકત શંકા ઉત્પન્ન કરવામાં આવે તો

તેવા સંજોગોમાં ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ ની ધારણાઓનું ખંડન કરતી નથી. જે ચુકાદો નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા રીફર કરેલ છે, પરંતુ તેને ઓવર રૂલ કરેલ નથી કે તેમાંનો સિંધ્ધાત ખોટો હોવાનું પણ નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા હાલના રજુ થયેલ ચુકાદામાં ઠરાવવામાં આવેલ નથી. જે સંજોગોમાં નામ. સુપ્રીમ કોર્ટના રજુ થયેલ ચુકાદામાં રીફર કરવામા આવેલ રોહીતભાઈ જીવણલાલ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા અન્યો, ૨૦૧૯(૧) ડી.સી.આર. ૪૮૧ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત હાલના ફરિયાદીને મદદરૂપ થતુ હોવાનું અને આરોપીને મદદરૂપ થતુ ન હોવાનું પણ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. આમ, આ કામના આરોપી તર્ફે ફકત નાણાં ધીરવાની કેપેસીટી જ ન હોવાની શંકા ઉત્પન્ન કરેલ હોય, તેટલા માત્રથી ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ ની ધારણાનું ખંડન થઈ ગયેલ હોય અને ફરિયાદીની કેપેસીટી ન હોવાનું માની શકાય નહી. તેમજ આ કામના આરોપી ધ્વારા જે શંકા ઉત્પન્ન કરવામાં આવેલ છે, તેનો સચોટ જવાબ ફરિયાદીએ આપેલ હોય, તેવા સંજોગોમાં બચાવ પક્ષ જે પણ ચુકાદાઓ ઉપર આધાર રાખે છે તે ચુકાદાઓ બચાવ પક્ષને મદદરૂપ થતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ હોય, સબબ બચાવ પક્ષનો એ તાર્કીક બચાવ ગ્રાહ્ય રાખી શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૧૪) વધુમાં આ કામના આરોપીનો એવો પણ તાર્કીક બચાવ છે કે, આ કામના આરોપીને ફરિયાદી ઓળખતા જ ન હોય, આટલી મોટી રકમ ફરિયાદીએ આરોપીને આપેલ હોય, તે હકીકત માની શકાય તેમ નથી. જે માટે આ કામના ફરિયાદીની એવી થીયરી સાથે આવેલ હતા કે તેઓ આરોપી પાસેથી ઘઉ લેવા જતા હતા, ત્યારથી તેઓને ઓળખે છે. જયારે આરોપી એવી થીયરી સાથે આવેલ હતા કે, ફરિયાદી ગાયત્રી પ્રોવીઝન સ્ટોરના માલીક હોય, તેઓ પાસેથી માલ ખરીદતા હોવાથી તેઓને ચેક આપેલ હતો. જે લગત આ કામના આરોપીની ઉલટ તપાસ આંક ૨૪ વંચાણે લેવામાં આવે તો '' એ વાત ખરી છે કે, હું આ કામના ફરિયાદીને ઘઉ આપતો હતો. '' આમ, ફરિયાદી જે થીયરી સાથે આવેલ હતા, તે થીયરી આ કામના આરોપીની જુબાની ઉપરથી જ પુરવાર થયેલ છે. જયારે તેઓની થીયરી તેઓ પુરવાર કરી શકેલા નથી. આમ, જયારે ફરિયાદીની

ઓળખ તેઓ આરોપી પાસેથી ઘઉ લેતા હતા, ત્યારથી થયેલ હોવાની હકીકતને સમર્થન મળેલ છે. વધુમા આ કામના આરોપી તર્ફે એવો પણ તાર્કીક બચાવ કરવામાં આવેલ છે કે, તેઓ પાસે માત્ર અઢી વીંઘા જ જમીન હોય, પર્યાપ્ત માત્રામાં ઘઉ થઈ શકે નહી, જે માટે પણ આ કામના આરોપીની આંક ૨૪ થી રજુ થયેલ ઉલટ તપાસ વંચાણે લેવામાં આવે તો '' એ વાત ખરી છે કે, મે જે આંક ૨૪ વાળુ સોગંદનામું રજુ કરેલ છે, ત્યારે મારી પાસે માલીકીની સાત વીંઘા જમીન આવેલ છે તેવુ લખાવેલ નથી પરંતુ પેરા નં. ૩ પેટા પેરા જી માં ખોરાસામાં અમારે ફરિયાદ વખતે ફકત અઢી વીંઘા જમીન આવેલ છે તેવુ લખાવેલ છે. '' આમ, આ કામના આરોપી પાસે સાત વીંઘા જમીન આવેલ હોવા છતાં તેઓ તેમના સોગંદનામામાં પણ ખોટી હકીકત જાહેર કરેલ છે. આમ, આરોપી તર્ફે સતત ખોટી હકીકતો જ જાહેર કરવામા આવતી હતી, તેવી હકીકત પણ સ્પષ્ટ રીતે ફલીત થાય છે. આ કામના આરોપી ધ્વારા ક્રિ. પ્રો. કોડની કલમ ૩૧૩ અન્વયેના નિવેદનમાં પણ તેઓએ ચેક સને ૨૦૦૦ ની સાલમાં આપવામાં આવેલ હતો, તેવી હકીકત લખાવેલ છે, તેમજ તેઓ પાસે સાત વીઘા જમીન હોવા છતાં તેઓએ અઢી વીંઘા જ જમીન હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. આમ, સતત તેઓ ખોટી હકીકતો સાથે તેઓનો કેસ પ્રસ્થાપિત કરવાનો પ્રયત્ન કરી રહયા હોય, તેવુ પણ સ્પષ્ટ રીતે ફલીત થાય છે. તેવા સંજોગોમાં પણ આરોપીનો જે તાર્કીક બચાવ છે કે, તેઓ આરોપીને ઓળખતા ન હતા તે માની શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૧૫) વધુમાં આ કામના આરોપી તર્ફે એવો પણ તાર્કીક બચાવ લેવામાં આવેલ છે કે, આ કામના ફરિયાદી ધ્વારા તેઓના અક્ષરમાં કોરા ચેકમાં તેઓનું નામ લખવામાં આવેલ છે, તેમજ તેઓ ધ્વારા જ રકમ પણ ભરવામાં આવેલ છે. જેથી તેને મટીરીયલ અલ્ટરેશન ગણી શકાય છે. સબબ જયારે મટીરીયલ અલ્ટરેશન કરેલ હોય, ત્યારે તેનો લાભ આ કામના આરોપીને આપવો જોઈએ. જે માટે તેઓ Acq. D.C.C. 38, KUNJAMMA CHERIYAN v. SOLOMAN ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જે ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિંધ્ધાત સાથે અત્રેની અદાલત માનસહ રીતે સહમત છે. ઉપરોકત ચુકાદામાં ફરિયાદી ધ્વારા રકમ રૂા. ૧૧,૭૭૫/- જે લખેલ હતી, તેમાં ફેરફાર

કરેલ હતો. હાલના કેસમાં આવો કોઈ જ ફેરફાર ફરિયાદીએ કરેલ હોય, તેવી હકીકત બચાવપક્ષ પ્રસ્થાપિત કરી શકેલા નથી. વધુમાં મટીરીયલ અલ્ટરેશન કોને કહી શકાય? તો અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે કે, જયારે ચેકમાં કોઈપણ વિગતો લખવામાં આવેલ હોય અને તે વિગતોમાં કોઈપણ પ્રકારે ફેરફાર કરવામાં આવેલ હોય, ત્યારે તેને મટીરીયલ અલ્ટરેશન ગણી શકાય છે. હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો આ કામના આરોપી ધ્વારા તેઓની સહી કરીને કોરો ચેક આપેલ હતો, તેવો તેમનો બચાવ છે. એટલે કે તેઓ ધ્વારા ચેક ઉપર તેઓની સહી કરેલ હોવાની હકીકતને સમર્થન કરેલ છે. તેવા સંજોગોમાં તેઓ ધ્વારા ફરિયાદીને બાકીની તમામ વિગતો ભરવાની પરવાનગી આપી હોય, તેવુ માની જ લેવાનું હોય છે. તે માટે જો ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૨૦ વંચાણે લેવામાં આવે તો...

Sec:- 20 :- Inchoate stamped instruments :- Where one person signs and delivers to another a paper stamped in accordance with the law relating to negotiable instruments then in force in 1[India], and either wholly blank or having written thereon an incomplete negotiable instrument, he thereby gives prima facie authority to the holder thereof to make or complete, as then case may be, upon it a negotiable instrument, instrument, for any amount specified therein and not exceeding the amount covered by the stamp. The person so signing shall be liable upon such instrument, in the capacity in which he signed the same, to any holder in due course for such amount, provided that no person other than a holder in due course shall recover from the person delivering the instrument anything in excess of the amount intended by him to be paid thereunder.

(૧૫.૧) આમ, ઉપરોકત કલમ વંચાણે લેવામાં આવે તો, તેમાં ચેક લખનારની સહી ફરજિયાત છે. જયારે ચેકમાં બાકીની વિગત કોઈપણ વ્યકિત ધ્વારા ભરવાની પરવાનગી લખનાર ધ્વારા આપી જ દીધેલ હોવાનું માની લેવાનું હોય છે. હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો આ કામના આરોપી ધ્વારા તકરારી ચેક ઉપર તેઓની સહી ન હોવાનો તેઓનો બચાવ નથી. તેઓનો માત્ર બચાવ એવો છે કે, તેઓએ કોરો સહી કરેલ ચેક આપેલ હતો. જેમાં આ કામના ફરિયાદી ધ્વારા ખોટી રીતે વિગતો ભરીને ચેકનો દુર ઉપયોગ કરવામાં આવેલ છે. આમ, જયારે ચેક કોરો આપવામાં આવેલ હોય, ત્યારે તેમાં વિગતો જો ફરિયાદીએ ભરેલ હોય, ત્યારે તેનો ખુલાસો ફરિયાદીએ કરવો જોઈએ, તેમ કરવામાં તેઓ નિષ્ફળ ગયેલ હોય, તો તેનો લાભ આરોપીને આપવો જોઈએ તે માટે તેઓ નીચે મુજબના ચુકાદા ઉપર આધાર રાખે છે.

(૧) એ. આઈ. આર. ૨૦૦૭ (એન.ઓ.સી.) ૨૦૩૬, નોટ બી (નામ. કેરાલાની વડી અદાલત)

(૨) ૨૦૦૮ (૧) ડી.સી.આર. ૬૫ (નામ. મદ્રાસની વડી અદાલત)

(૩) ૧૯૯૫ ક્રિ.લો.જ. ૫૬૦, (નામ. આંધ્ર પ્રદેશની વડી અદાલત)

(૪) ૨૦૧૨ ક્રિ.લો.જ. ૧૮૭૦, (નામ. સિકકીમની વડી અદાલત)

(૫) ૨૦૧૨ ક્રિ.લો.જ. ૩૯૬૬ (નામ. મુંબઈની વડી અદાલત)

(૬) ૨૦૦૭ લોસ્યુટ (સુ.કો.) ૧૪૭૫

(૭) Acq. D.C.C 611 (નામ. આંધ્રપ્રદેશની વડી અદાલત)

(૮) ૨૦૦૩ (૨) ડી.સી.આર. ૨૭૩ (નામ. આંધ્રપ્રદેશની વડી અદાલત)

(૯) Acq. D.C.C 231 (નામ. આંધ્રપ્રદેશની વડી અદાલત)

(૧૦) ૨૦૧૧ લો સ્યુટ (કેરલ) ૧૧૬૫

(૧૧) ૨૦૦૬ લો સ્યુટ (કેરલ) ૨૮૯

(૧૨) ૨૦૧૩ લો સ્યુટ (કેરલ) ૨૩

(૧૩) એ.આઈ.આર. ૨૦૦૮ (એન.ઓ.સી.) ૭૦૦ (કેરલ)

(૧૪) એ.આઈ.આર. ૨૦૦૮ (એન.ઓ.સી.) ૭૦૩ (મદ્રાસ)

(૧૫) ૨૦૦૮ (૧) જી.એલ.આર. ૩૯૨ (નામ. ગુજરાતની વડી અદાલત)

(૧૬) ૨૦૧૨ (૧) ડી.સી.આર. ૩૮૫ (નામ. કેરાલાની વડી અદાલત)

(૧૭) ૨૦૧૨ (૪) ક્રાઈમ્સ (એચ.સી.) ૪૦૦ (નામ. ગુજરાતની વડી અદાલત)

(૧૮) ૨૦૦૪ (૧) ક્રાઈમ્સ (એચ.સી.) ૫૬૭ (નામ. આંધ્રપ્રદેશની વડી અદાલત)

(૧૯) ૨૦૦૮ ક્રિ.લો.જ. ૨૯૫૫ (નામ. મુંબઈની વડી અદાલત)

(૨૦) ૨૦૦૬ (૨) ડી.સી.આર. ૨૯૪ (નામ. કેરલાની વડી અદાલત)

(૧૫.૨) આ કામના આરોપી તર્ફે ઉપરોકત તમામ ચુકાદાઓ કોરા સહી કરેલા આપેલ હોય, ત્યારે તેનો લાભ આ કામના આરોપીને જ આપવો રહયો તેવું દર્શાવવા માટે રજુ કરવામાં આવેલ છે. ઉપરોકત તમામ ચુકાદાઓ વંચાણે લીધા. આ કામે રજુ થયેલ ચુકાદાઓ પૈકી ૨૦૧૨ ક્રિ.લો.જ. ૩૯૬૬ (નામ. મુંબઈની વડી અદાલત) તથા ૨૦૦૭ લોસ્યુટ (સુ.કો.) ૧૪૭૫, નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો રજુ કરવામાં આવેલ છે, તેમાં ફકત જે ધારણાઓ છે તે ખંડનીય ધારણા હોવા સંબધીત છે. સબબ નામ. એપેક્ષ કોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત સાથે અત્રેની અદાલત માનસહ રીતે સહમત છે. હાલના કેસમાં આરોપી ધ્વારા તેઓની ઉપરની ધારણા રીબર્ટ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટ રીતે માનવુ છે. તે જ રીતે આ કામે ૨૦૦૮ (૧) જી.એલ.આર. ૩૯૨ ના ચુકાદા ઉપર બચાવ પક્ષ ધ્વારા આધાર રાખેલ છે. જે ચુકાદામાં ફરિયાદ પક્ષ તેઓનું કાયદેસરનું લેણું પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ હતા, તેનો લાભ નામ. અદાલત ધ્વારા

આપવામા આવેલ હતો. ઉપરોકત કેસમાં પણ કોરો ચેક આપવામાં આવેલ હતો. કોરો ચેક આપેલ હોય, તેટલા માત્રથી આરોપીને તેનો લાભ આપી શકાય નહી, તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તે જ રીતે આ કામના બચાવ પક્ષ ધ્વારા ૨૦૧૨(૪) ક્રાઈમ્સ (એચ.સી.) ૪૦૦ ઉપર આધાર રાખેલ છે. જેમાં બચાવ પક્ષ ધ્વારા ફરિયાદપક્ષનું કાયદેસરનું લેણું નથી, તેવી હકીકત પ્રસ્થાપિત કરવાની નથી અને ફકત શંકા ઉત્પન્ન કરવાની છે. જયારે હાલના કેસમાં ફરિયાદ પક્ષ ધ્વારા તેઓનું કાયદેસરનું લેણુ પડે છે તેવી હકીકત સ્પષ્ટ રીતે ફલીત કરવામાં સફળ રહેલ છે. તેમજ આ કામના આરોપી તર્ફે જે શંકાઓ ઉત્પન્ન કરવામાં આવેલ હતી, તેનો તેમની ઉલટ તપાસ દરમ્યાન સચોટ જવાબ આપવામાં આવેલ છે. ત્યારે તેવા સંજોગોમાં આ કામના આરોપી ધ્વારા જે ચુકાદાઓ રજુ કરવામાં આવેલ છે તે તેઓને મદદરૂપ થતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ જયારે ગુજરાતની વડી અદાલત ધ્વારા જયારે એવો સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ હોય કે, ચેકમાં ચેક લખનારની માત્ર સહી જ હોવી જોઈએ, તે સિવાયના અન્ય અક્ષરો કોઈપણ વ્યકિતના હોય, તો તેટલા માત્રથી તેનો લાભ આરોપીને આપી શકાય નહી. જેથી અન્ય વડી અદાલતોના ચુકાદાઓની વિસ્તૃત રીતે ચર્ચા કરવામાં આવેલ નથી. તેમજ અત્રેની અદાલત ધ્વારા ૧૯૯૬ ક્રિ.લો.જ. ૩૦૯૯, સતીષ જયંતિલાલ શાહ વિ. પંકજ મશરૂવાલાના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. નામ. ગુજરાતની વડી અદાલત ધ્વારા સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કરેલ છે કે, ચેકમાં માત્ર ચેક લખનારની સહી હોવી જોઈએ તે સિવાયની વિગતો કોણે ભરેલ છે તેની કોઈ જ મહત્વતા નથી. જે સિંધ્ધાત ધ્યાને લેતા...

[9] While admitting issuance of disputed cheques, Mr. Gupta, the learned Advocate for the applicant/accused vehemently argues that the body of cheques is not written by the drawer and that the cheques were not voluntarily given in discharge of legal debt or liability and thus provisions of Sec. 138 of the Negotiable Instruments Act are not applicable. On this

point, he relies upon decision reported in the case of T. N. Khambti v. M/s. Vinayak Enterprises, 1995 Cri. LJ 560. Mr. K. P. Raval, learned A.P.P., appearing for the State has invited my attention to cross-examination on behalf of the applicant and statement of accused under Sec. 313 of Criminal Procedure Code wherein issuance of cheque has been clearly admitted. In my view, this question being purely a question of facts, cannot be raised and appreciated while exercising revisional jurisdiction more particularly when no such contention was ever raised before the trial Court. The only defence advanced before the trial Court is that the cheques were given to the complainant as advance payment towards the goods to be delivered in future. Thus, the applicant clearly admitted execution, hence this contention needs no consideration and be rejected. **Apart from this fact, no law provides that in case of any negotiable instrument entire body has to be written by maker or drawer only. What is material is signature of drawer or maker and not the body writing, hence question of body writing has no significance.**

(૧૫.૩) આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત ધ્યાને લેતા આ કામના આરોપીએ કોરો ચેક આપેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. તેમજ તે સીકયુરીટી પેટે આપેલ હતો, તેવી હકીકત તેઓ પ્રસ્થાપિત કરી શકેલા નથી. તેવા સંજોગોમાં તેઓએ તેમની સહીનો ઈન્કાર કરેલ ન હોય, સબબ ફરિયાદીની કાયદેસરની લેણી પેટે જ હાલનો તકરારી ચેક આપેલ હોવાનું પણ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ

માત્ર કોરો ચેક આપેલ હોય, અને તેને આ કામના ફરિયાદી ધ્વારા ભરવામાં આવેલ હોય, તેવો બચાવ આધારે તેઓની તરફેણમાં જે અનુમાન થયેલ છે તે રીબર્ટ થઈ જતુ નથી. સબબ માત્ર કોરા ચેક આપેલ હોય, ત્યારે તેમાં વિગતો અન્ય કોઈ વ્યકિત ધ્વારા ભરવામાં આવેલ હોય, તેનો લાભ આરોપીને આપવો જોઈએ તેવો તાર્કીક બચાવ ગ્રાહય રાખી શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. સબબ બચાવ પક્ષ તર્ફે રજુ થયેલા ચુકાદાઓ તેમને મદદરૂપ થતા ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૧૬) વધુમાં આ કામના આરોપી તર્ફે એવો પણ બચાવ રજુ કરવામા આવેલ છે કે, તેઓએ તેમના સાક્ષી તરીકે હસ્તાક્ષર નિષ્ણાંતને તપાસેલ છે. જેઓની જુબાની ઘ્યાને લેવામાં આવે તો ચેક ઉપરના અક્ષરો આ કામના આરોપીના નથી. જેથી આ કામના ફરિયાદીએ તે ચેકનો દુરઉપયોગ કરેલ છે. સબબ તેનો લાભ આ કામના આરોપીને આપવો જોઈએ તેમજ ખાનગી હસ્તાક્ષર નિષ્ણાંતના રીપોર્ટને માની જ શકાય છે તે માટે તેઓ નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખે છે.

(૧) સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૨૭૯૮૦/૨૦૦૭, મનહરલાલ રતીલાલ બચકાનીવાલા વિ. કેશુભાઈ મોહનભાઈ પટેલ (નામ. ગુજરાતની વડી અદાલત)

(૨) સીઆર નં. ૧૨૭૧/૨૦૧૬, ધરમ સિંઘ વિ. લાભ સિંઘ તથા અન્યો (નામ. પંજાબની વડી અદાલત)

(૩) ૨૦૦૬ લો સ્યુટ (પંજાબ અને હરીયાણા) ૪૧૯૨, (નામ. પંજાબ અને હરીયાણાની વડી અદાલત)

(૪) ૨૦૧૬ (૦) એ.આઈ.જે.ઈ.એલ. (આર.જે) ૧૮૪૨૧૬૩ (નામ. રાજસ્થાનની વડી અદાલત)

(૫) ૨૦૧૬ (૦) એ.આઈ.જે.ઈ.એલ. (એચ.સી.) ૨૩૫૯૭૭ (નામ. ગુજરાતની વડી અદાલત)

(૬) સીટી નં. ૬૧૪૧૩૪/૨૦૧૬, (નામ. દિલ્હી ડીસ્ટ્રીકટ કોર્ટ)

(૧૬.૧) ઉપરોકત તમામ ચુકાદાઓ અત્રેની અદાલત ધ્વારા વંચાણે લીધા. તમામ ચુકાદાઓમાં નામ. વડી અદાલત ધ્વારા ખાનગી હેન્ડ રાઈટીંગ એકસપર્ટનો પુરાવો ધ્યાને લઈ શકાય છે. તેમજ તેઓએ આપેલ રીપોર્ટ પણ ધ્યાને લઈ શકાય છે. ઉપરોકત તમામ વડી અદાલત ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ સિંધ્ધાત સાથે અત્રેની અદાલત માનસહ રીતે સહમત છે. હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો આ કામના આરોપી તર્ફે તેઓના ડી ૩ તરીકે આંક ૬૮ થી તપાસવામાં આવેલ છે. તેઓની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ ધ્વારા સ્વીકારેલ છે કે, '' એ વાત ખરી છે કે, મને મોકલવામાં આવેલ આંક ૨૫ વાળા ચેકની ઝેરોક્ષ નકલ હતી અને તે કોર્ટમાંથી મેળવેલ સર્ટીફાઈડ નકલ ન હતી. એ વાત ખરી છે કે, કોઈપણ ઝેરોક્ષ નકલ હોય તેના ઉપર વ્હાઈટનર મારી અથવા સફેદ પટ્ટી મારી ચેકની રકમમાં અને આકડામાં કે ચેકના કોઈપણ અક્ષરમાં ફેરફાર કરીને ફ્રોડ થઈ શકે છે. '' આમ, આ કામના આરોપી તર્ફે એકસપર્ટ ઓપીનીયન તરીકે આ કામના ડી ૩ ને તપાસવામાં આવેલ છે. તેઓ જ તેમની જુબાની દરમ્યાન સ્વીકારે છે કે, અસલ ચેકની ખરાઈ કરાવેલ નથી. આ તબકકે બચાવ પક્ષ તર્ફે તાર્કીક દલીલ કરવામાં આવેલ છે કે, ઝેરોક્ષ નકલ ઉપરથી પણ એકસપર્ટ ઓપીનીયન આપી શકાય છે, તે દલીલ સાથે અત્રેની અદાલત સહમત છે કે, ઝેરોક્ષ નકલ ઉપરથી એકસપર્ટ ઓપીનીયન આપી શકાય છે, પરંતુ તે હાલનો તકરારી ચેકની જ ઝેરોક્ષ નકલ હતી, તે હકીકત પણ નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી આ કામના આરોપી પક્ષની રહે છે. જયારે તેઓએ તપાસેલ સાહેદ તેઓની જુબાની દરમ્યાન જણાવે છે કે, '' એ વાત ખરી છે કે, મે મારા અભિપ્રાયના હેડીંગમાં ચેકનો નંબર તથા એકાઉન્ટ નંબર જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આંક ૭૪ વાળા અભિપ્રાયમાં ચેકની તારીખ, સહી તથા પેઈનું નામ લખેલ છે તે અંગે કોઈ અભિપ્રાય આપવામાં આવેલ નથી. '' આમ, ઉપરોકત એકસપર્ટ ધ્વારા ફકત રકમ અંગેનો જ અભિપ્રાય આપવામાં આવેલ છે. તેમજ જયારે આ કામના આરોપીનો બચાવ એવો હતો કે તેઓએ કોરો ચેક સીકયુરીટી પેટે આપેલ હતો. તેમજ તે ચેક ગાયત્રી પ્રોવીઝન સ્ટોરને આપવામાં આવેલ હતો. જયારે આ કામના એકસપર્ટ પાસેથી તેઓએ પેઈના નામના અક્ષરો કોના હતા, તે અંગે કોઈ જ અભિપ્રાય માંગવામાં આવેલ નથી. આમ, તેઓએ સદરહુ ચેક આ કામના ફરિયાદીના નામનો જાતે જ ભરેલ હોય, તેવી હકીકત

પણ સ્પષ્ટ રીતે ફલીત થાય છે. આમ, જો તેઓએ ગાયત્રી પ્રોવીઝન સ્ટોરને જ આપેલ હોત તો તેવા સંજોગોમાં તેઓએ ચેકમાં પેઈ તરીકે ગાયત્રી પ્રોવીઝન સ્ટોરનું નામ લખેલ હોત, પરંતુ તેઓએ પેઈના અક્ષરો અંગે એટલા માટે જ અભિપ્રાય માંગેલ નથી કારણ કે, તેમાં તેઓના જ અક્ષર હતા. તેમ છતાં ફકત દલીલ ખાતર માની પણ લેવામાં આવે કે, આ કામના આરોપીએ કોરો જ ચેક આપવામા આવેલ હતો અને સાહેદ ધ્વારા તમામ અક્ષરો અંગે જ અભિપ્રાય આપવામાં આવેલ હતો. તેમ છતાં સાહેદ પોતે પણ સ્વીકારે છે કે, ''એ વાત ખરી છે કે, મે આરોપીને રૂબરૂમાં બોલાવીને મારી રૂબરૂમાં લખાવ્યુ હોય, તેવુ બનેલ નથી. '' તેમજ આ કામે આરોપી પક્ષે નોટરી રૂબરૂમાં જ અક્ષરો લખવામાં આવેલ હોય, તે સાબીત કરવા માટે નોટરીને તપાસવામાં આવેલ નથી. તેમજ એફીડેવીટમાં જે જગ્યાએ અક્ષરો લખેલા છે તે જગ્યાએ નોટરી ધ્વારા ''બી ફોર મી'' કરી તેઓની સહી કરવામાં આવેલ નથી. તે જ રીતે આ કામે સાહેદ ધ્વારા અક્ષરોના ૩૬ નમુના લઈને તેનું એનાલીસીસ કરવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં પણ તેઓનો રીપોર્ટ માની શકાય તેમ નથી. તે અંગે પણ ડી ૩ સાહેદ સ્વીકારે છે કે, '' એ વાત ખરી છે કે, કોઈપણ સહીના નમુના ૩૬ લેવામાં આવે છે. '' વધુમાં તેઓ સ્વીકારે છે કે, '' એ વાત કહી શકાય કે, ૩૬ નમુના લેવા પાછળનું કારણ સચોટ અભિપ્રાય આવી શકે છે. એ વાત ખરી છે કે, મે આરોપીને રીમાઈન્ડ કરીને ૩૬ નમુના આપવા માટે જણાવેલ નથી. '' આમ, ૩૬ નમુના લીધા વગર જ રીપોર્ટ આપેલ હોય, ત્યારે તે સચોટ જ હોય શકે તેવુ અનુમાન થઈ શકે નહી. તેવા સંજોગોમાં પણ આ કામના આરોપી ધ્વારા જે રીપોર્ટ મેળવવામાં આવેલ છે તે માની શકાય તેમ ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમ છતાં ફકત દલીલ ખાતર માની પણ લેવામાં આવે કે, તમામ અક્ષરો આ કામના આરોપીના નથી, તો પણ જયારે આરોપી ધ્વારા તેઓની સહી ન હોવાનો કોઈ જ ઈન્કાર કરવામાં આવેલ ન હોય, ત્યારે ઉપરોકત કરેલ ચર્ચા અન્વયે તથા ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૨૦ અન્વયે પણ ચેક કોરો આપવામાં આવે તો પણ તેના ઉપર બાકીની વિગતો ભરવાનો અધિકાર ચેકના મેકરે આપ્યો હોવાનું માની જ લેવાનું હોય છે. તેમજ તે અંગે ઉપરોકત વિગતવાર ચર્ચા કરેલ હોય, અહી તે અંગેની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ નથી. આમ, આ કામના આરોપીનો તાર્કીક બચાવ ધ્યાને લઈ શકાય તેમ ન હોવાનું પણ અત્રેની

અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૧૭) આ કામના આરોપીનો અન્ય તાર્કીક બચાવ એવો છે કે, ફરિયાદીની જુબાની દરમ્યાન ઘણા બધા વિરોધાભાષ જોવા મળેલ છે. જેથી પણ તેઓની જુબાની માની શકાય તેમ ન હોય, સબબ તેનો લાભ આ કામના આરોપીને આપવો જોઈએ તે માટે તેઓ ૨૦૧૧ (૨) ડી.સી.આર. ૬૯૬ (નામ. મદ્રાસની વડી અદાલતના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. ઉપરોકત ચુકાદામાં ફરિયાદપક્ષ આરોપી પાસેથી કેવી રીતે રકમ લેણી પડે છે તે દર્શાવી શકેલા ન હોવાથી તેનો લાભ આરોપીને આપવામાં આવેલ હતો. હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો તેમાં સ્પષ્ટ રીતે આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી રૂા. ૧૦,૦૦,૦૦૦/– લીધેલ હોવાનું તેની તારીખ પણ તેઓની જુબાની દરમ્યાન જણાવેલ હોય, તેમજ આરોપી તર્ફે ઉપરોકત કરેલ ચર્ચા અનુસાર જે સુચન કરવામાં આવેલ, તે સુચન '' રૂા. ૧૦,૦૦,૦૦૦/– આરોપીને આપ્યાબાદ તેઓએ તે નાણાંનું શું કરેલ તેની તપાસ કરેલ ? '' તે સુચન અન્વયે પણ આરોપીએ ફરિયાદી પાસેથી રૂા. ૧૦,૦૦,૦૦૦/– મેળવેલ હોવાનું પ્રસ્થાપિત થાય છે. તેમજ તેઓએ તે રકમ લેણી થતી હોય, તે અંગે તકરારી ચેક મેળવેલ હોવાની હકીકત પણ પ્રસ્થાપિત થયેલ છે. ત્યારે ચેક મેળવ્યાના દોઢ બે વર્ષ બાદ જયારે જુબાની આપતા હોય, ત્યારે નાના વિરોધાભાષને ઘ્યાને લઈ શકાય નહી, તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તેમજ નામ. સુપ્રીમ કોર્ટ ઘ્વારા રોહીતભાઈ જીવણલાલ પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત તથા અન્યોના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,

> **[19]** Hereinabove, we have examined in detail the findings of the Trial Court and those of the High Court and have no hesitation in concluding that the present one was clearly a case where the decision of the Trial Court suffered from perversity and fundamental error of approach; and the High Court was justified in reversing the judgment of the Trial Court. The observations of

the **Trial Court that there was no documentary evidence to show the source of funds with the respondent to advance the loan, or that the respondent did not record the transaction in the form of receipt of even kachcha notes, or that there were inconsistencies in the statement of the complainant and his witness, or that the witness of the complaint was more in know of facts etc. would have been relevant if the matter was to be examined with reference to the onus on the complaint to prove his case beyond reasonable doubt. These considerations and observations do not stand in conformity with the presumption existing in favour of the complainant by virtue of Sections 118 and 139 of the NI Act. Needless to reiterate that the result of such presumption is that existence of a legally enforceable debt is to be presumed in favour of the complainant. When such a presumption is drawn, the factors relating to the want of documentary evidence in the form of receipts or accounts or want of evidence as regards source of funds were not of relevant consideration while examining if the accused has been able to rebut the presumption or not. The other observations as regards any variance in the statement of complainant and witness; or want of knowledge about dates and other particulars of the cheques; or washing away of the earlier cheques in the rains though the office of the complainant being on the 8th floor had also been of irrelevant factors for**

consideration of a probable defence of the appellant. Similarly, the factor that the complainant alleged the loan amount to be Rs. 22,50,000/- and seven cheques being of Rs. 3,00,000/- each leading to a deficit of Rs. 1,50,000/-, is not even worth consideration for the purpose of the determination of real questions involved in the matter. May be, if the total amount of cheques exceeded the alleged amount of loan, a slender doubt might have arisen, but, in the present matter, the total amount of 7 cheques is lesser than the amount of loan. Significantly, the specific amount of loan (to the tune of Rs. 22,50,000/-) was distinctly stated by the accused-appellant in the aforesaid acknowledgment dated 21.03.2017

(૧૭.૧) આમ, ઉપરોકત ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા આ કામના આરોપી તર્ફે જે જે બચાવો લેવામાં આવેલ છે તે અંગે સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ છે કે, આ કામના ફરિયાદીની તરફેણમાં જે અનુમાનો કરવામાં આવેલ છે તે અનુમાનો/ધારણાઓનું ખંડન આરોપીએ કરવાનું હોય છે. ફરિયાદીની જુબાનીથી મહત્વનું ગણી શકાય તેવો કોઈ વિરોધાભાષ ન હોય, ત્યારે નાના-નાના વિરોધાભાષ ધ્યાને લેવાના હોતા નથી. સબબ આ કામના આરોપી તર્ફે રજુ કરેલ ચુકાદો પણ તેઓને મદદરૂપ થતો ન હોવાનું અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે.

(૧૮) ધી નેગોશીએબલ ઈસ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ ના ગુનામા આરોપીને તકસીરવાન ઠરાવવા માટે આરોપીએ કાયદેસરના લેણા અથવા તેના ભાગની ચુકવણી પેટે ચેક આપેલ હોવાનું ફરીયાદી તરફે પુરવાર કરવુ જરૂરી છે. સદર કેસની હકીકતો ધ્યાને લેવામા આવે તો સદર કેસમા આરોપીએ કાયદેસરના દેવાની જવાબદારી પેટે ફરીયાદીને ચેક આપેલ હોવાનું અત્રેની અદાલતનું માનવુ છે.

(૧૯) આમ, હાલના કેસમાં રેકર્ડ પરના પુરાવાઓ, બચાવ પક્ષની દલીલો તેમજ ઉપરોકત ચર્ચા કરેલ ચૂકાદાઓના આધારે એમ નિ:શંકપણે સાબિત થાય છે કે, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ગુનો કરેલ છે. આરોપી તેની વિરુધ્ધ કરવામાં આવતા અનુમાનોનું ખંડન કરી શકેલ નથી. જેથી માત્ર અનુમાનો પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવવુ ન્યાયોચિત જણાય છે. આમ ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નંબર–૧ નો નિર્ણય હકારાત્મક ઠરાવવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. સબબ કામ આરોપીને સજા અંગે સાંભળવા માટે મુલત્વી રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૩૦ મી, માહે મે, ૨૦૨૪ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૫/૨૦૨૪
સ્થળ : જુનાગઢ.

(દિપેશકુમાર મધુસુદન ચાંપાનેરીયા)
૩ જા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
જુનાગઢ. **કોડ નં–GJ01177**

આરોપીને સજા અંગે સાંભળ્યા:–

આરોપીના વિ.વકીલ શ્રીની સજા બાબતે રજૂઆત છે કે, આરોપી ખુબ જ ગરીબ વ્યકિત છે તેઓ ખેતી કામ કરે છે. આરોપીઓના નાના બાળકો છે. તેમજ આરોપી કુટુંબના એકમાત્ર આધાર હોય જો આરોપીને વધુ સજા કરવામાં આવે તો આરોપીના આધારીત કુટંબીજનોનુ જીવન બરબાદ થઈ જાય તેમ હોય, જો આરોપીને વધુ સજા કરવામાં આવે તો તેઓનાં કુંટુંબને રઝળી પડવાનો વારો આવે તેમ હોય, આરોપીને ખોટી રીતે ફસાવી દઈ ખોટી રીતે ચેકો મેળવેલા હોય, સબબ આરોપીને હળવી સજા કરવા અરજ કરેલ છે.

ફરીયાદ પક્ષે ફરીયાદીનાં વિ.વ.શ્રી એવી રજુઆત કરે છે કે, આ કામના આરોપીનું ઈરાદાપુર્વકનું કૃત્ય છે. નાના બાળકો હોવાની હકીકત સાવ ખોટી રીતે જણાવેલ છે. જેથી કાયદેસર થવા પાત્ર પુરેપુરી સજા કરવા અરજ ગુજારેલ છે, તેમજ ચેકની બમણી રકમ વ્યાજ સહીત અપાવવા અરજ ગુજારેલ છે.

સામાન્ય રીતે સજા કરતી વખતે કોર્ટે સજા વધુ પડતી પણ ન કરવી જોઈએ તથા વધુ પડતી ઓછી પણ ન કરવી જોઈએ. હાલના કામે આરોપીની આર્થીક તથા શારીરિક બાબતો ધ્યાને લેતા પણ કોર્ટે ખાસ કરીને સજા વખતે લાગણીશીલ કે દયા ભાવમાં આવીને હળવી સજા કરવી ન જોઈએ તે મતલબના નામદાર ઉચ્ચ અદાલતોના ચુકાદાઓમાં ઠરાવેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા તથા નામદાર સુપ્રિમકોર્ટના આર.વિજયન વિરુધ્ધ બાબી વીગેરેના ૨૦૧૨(૨) જી.એલ.આર. પાના નં. ૧૩૫૩ ના ચૂકાદામાં તથા એ.આઈ.આર ૨૦૧૫ (સુ.કો.) ૨૫૭૯, મેન્નુદ્દીન અબ્દુલસત્તાર શેખ વિ. વિજય ડી. સાલ્વીના ચૂકાદામાં ઠરાવેલ સજા બાબતના માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતાં હાલના આરોપી ધ્વારા ફરિયાદીની લેણી રકમ ભરપાઈ કરેલ નથી. આમ, કાયદેસરની લેણી રકમ ચુકવવામાં બચાવપક્ષ નિષ્ફળ ગયેલ છે. તેવા સંજોગોને ધ્યાને લેતા આ કામે કાયદાની પ્રસ્થાપિત મહત્તમ કેદની સજા કરવી ન્યાયોચીત જણાઈ આવે છે. સબબ આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તથા ફરીયાદીને ચેકની રકમની બમણી રકમ વળતર પેટે ચૂકવી આપે તે મતલબનો હુકમ કરવાથી ન્યાયનું હીત જળવાશે તેમ અમારુ માનવુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

–:: હુ ક મ ::–

(૧) આ કામના આરોપી **હરસુખલાલ બાલુભાઈ કામાણી,** ઉ.વ.આ. : ૪૫, ધંધો : વેપાર, રહે.બજારમાં, ખોરાસા, જી.જુનાગઢનાઓને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૫૫ (૨) મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુનામા તકસીરવાન ઠરાવી ૨ (બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ફરીયાદીને ચેકની રકમ એટલે કે રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પૂરા) ની બમણી રકમય યાને કે રૂા. ૨૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ પુરા) ચેકની તારીખથી ચૂકવણીની તારીખ સુધી ૯ % ના સાદા વ્યાજ સહીત વળતર પેટે ફરીયાદીને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ ફરિયાદમાં કોઈ અરજી લગત હુકમ ફરમાવવાનો બાકી રહી ગયેલ હોય, તો પણ તે આખરી હુકમને આધીન આથી ફેંસલ થયેલ ગણી લેવાની રહેશે.

(૪) હુકમની નકલ આરોપીને વિના મૂલ્યે આપવી.

હુકમ આજરોજ તારીખ ૩૦ મી, માહે મે, ૨૦૨૪ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૫/૨૦૨૪
સ્થળ :જુનાગઢ.

(દિપેશકુમાર મધુસુદન ચાંપાનેરીયા)

૩ જા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
જુનાગઢ. **કોડ નં–GJ01177**